જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૫/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૭૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૮૦/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ પ્રશાંત વિશ્વનાથ નાયર (ઉ.વ.૪૧)(રહે.કોર્ણાક ટાવર, નાલંદા કોમ્પ્લેક્ષ પાછળ, માનસી ચાર રસ્તા પાસે, વસ્ત્રાપુર) એ તા.૦૯/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૧૧/૦૫/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકના પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની મર્સિડીઝ બેન્ઝ કંપનીની ઈ–૨૫૦ સી.ડી.આઈ. કાર નંબર પીવાય. ૦૧.સીજે. ૮૩૧૪ કિમત રૂપિયા ૯,૦૦,૦૦૦/– મતાની કોઈ અજાણી વ્યક્તિ કારનુ લોક તોડી ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રશાંત નાયર એ તા.૧૩/૦૫/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૬૮૧/૨૦૨૬**

નરોડાઃ પ્રિયંકાબેન ડો/ઓ મોહનભાઈ ખુમાણ (ઉ.વ.૨૬)(રહે.મોર્ડન ગ્યુની ચાલી, ચામુંડા ચાલીની સામે, સુતરના કારખાના, નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના મકાનની ઓસરીમાં પતરાના શેડની લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

ઓઢવઃ નિલેશભાઈ રાજુભાઈ વણકર (ઉ.વ.૨૭)(રહે.શ્રીસાંઇ ફ્લેટ, અંબિકાનગર, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ફ્લેટના ઘાબા ઉપરથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઈ જગમાલભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી